## જન્મદિને વધામણી


ભવ્યા રાજન શાહ
મો. ૯૭૨૩૨ ૧૪૦૧૪


જિજ્ઞેશ રાવલ
વિશિષ્ટ શિક્ષક
પ્રમુખ, ગ્રો ફાઉન્ડેશન
ડિરેક્ટર, જી ઈ ક્લબ
ફર્સ્ટ એઈડ ટ્રેનર, રેડક્રોસ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦


સુરેશભાઈ વી પંચાલ
મો. ૯૩૭૪૮ ૬૨૨૮૨


ગુલાબચંદ એન પટેલ
હિન્દી-ગુજરાતી
કવિ, લેખક, અનુવાદક
વ્યસનમુક્તિ અભિયાન પ્રણેતા
મો. ૯૯૦૪૪ ૮૦૭૫૩


રાજ ઋષિકેશ દેરાસરી
મો. ૯૯૦૪૦ ૩૫૨૮૮

# બીસીએ કૉલેજના વુમન ડૅવલપમૅન્ટ સૅલ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે સૅમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટરસ્ટડીઝ કૉલેજમાં વુમન ડૅવલપમૅન્ટ સૅલ અંતર્ગત બીસીએ અભ્યાસક્રમની વિદ્યાર્થીનીઓ માટે 'નો યૉર બૉડી' વિષયે એક ખાસ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સૅમિનારમાં તજ્જ્ઞ તરીકે અમદાવાદના ગાયનેકોલૉજીસ્ટ ડૉ. રચિત પટેલે વિષય અન્વયે ઝીણવટભર્યું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

સૅમિનારમાં કૉલેજની ૨૫૦ કરતાં વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સૅમિનારનું આયોજન કૉલેજનાં ડિરેક્ટર ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ વુમન ડૅવલપમૅન્ટ સૅલનાં સંયોજક પ્રૉ. જૈમિની કુલકર્ણી, પ્રૉ. મોનિકા પટેલ અને પ્રૉ. ભાવના પટેલ દ્વારા સ્ટાફ મિત્રોના સહયોગથી કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર, તા. ૧૮

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી ખાતે મુખ્યમંત્રી કાર્યાલયના સંયુક્તસચિવ અમૃતભાઈ પી પટેલના અધ્યક્ષસ્થાને ગુણોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુણોત્સવ અંતર્ગત ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતા ૩૦૫ વિદ્યાર્થીઓના વાચન, ગણન, લેખન તથા શાળાની માળખાગત સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અમૃતભાઈએ પ્રત્યેક વર્ગમાં જાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વાચન, ગણન અને શ્રુતલેખન કરાવ્યું હતું. આ પ્રસંગે સીઆરસી જશોદાબેન પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાની માળખાગત સુવિધાઓ તથા સહઅભ્યાસ પ્રવૃત્તિઓને ચકાસવા વાલી મીટિંગનું આયોજન સાંજના સમયે કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાધે ગૃપના જયંતભાઈ તથા વિપુલભાઈ સુખડિયાના સૌજન્યથી ઉત્તરાયણ નિમિત્તે વિદ્યાર્થીઓને તલ અને સીંગની ચિક્કીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્ય દિપ્તીબેન વસાવડાએ આભાર દર્શન કર્યું હતું.

### શ્રીરામ સ્વિમિંગ ક્લબ દ્વારા આયોજિત

# સમુદ્ર તરણ સ્પર્ધા 'સ્વીમથોન'માં ગાંધીનગરના તરવૈયા ઝળક્યા


મનિષા ત્રિપાઠી


શરદ વ્યાસ


ઋચિર ગાંધી


સુમિત ચૌધરી


પ્રણવ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

પ્રતિવર્ષ યોજાતી રાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધા 'સ્વીમથોન'માં આ વર્ષે ગાંધીનગરના તરવૈયાઓએ કાઠું કાઢીને શહેરને ગૌરવ અપાવ્યું છે.

પોરબંદર મુકામે આયોજિત આ સ્વીમથોનમાં કોચ કે જી ભગતના પ્રશિક્ષણ હેઠળ તૈયાર થયેલા સચિવાલય જીમખાનાના સ્વિમર્સે જુદી-જુદી ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો અને આ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

સ્વિમિંગ પુલમાં યોજાતી સ્પર્ધા અને ખુલ્લા સમુદ્રમાં યોજાતી સ્પર્ધામાં મુખ્ય તફાવત વિપરીત હવામાન અને ૧૦ કિમી જેટલા લાંબા અંતરનો હોય છે. હાલની ગાત્રો થિજાવી નાખતી કડકડતી ઠંડીમાં સૂસવાટા મારતા પવનને કારણે સમુદ્રમાં એકથી દોઢ મીટર સુધી ઉછળતાં મોજાં વચ્ચે, જળચર પ્રાણીઓના ભય વચ્ચે અત્યંત ખારા પાણીમાં શ્વાસોચ્છ્વાસનો તાલમેલ જાળવી નિયત કરેલો સાચો રસ્તો શોધી લાંબો સમય તરવું એ સ્વિમર્સ માટે મોટો પડકાર હોય છે અને સ્પર્ધા પૂર્ણ કર્યા બાદ ડીહાઈડ્રેશનને કારણે સ્વિમર્સ બે કિલો જેટલું વજન પણ ગુમાવી દેતા હોય છે. વિશેષતા એ છે કે માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક દબાણ હેઠળ પણ રહીને આ સ્પર્ધા પૂર્ણ કરવાની હોય છે.

આ સ્પર્ધામાં ૬૦ વર્ષથી વધુ વયની કૅટેગરીમાં ૫૦૦ મીટરની સ્પર્ધામાં મનિષા ત્રિપાઠી પ્રથમ સ્થાને, પુરુષ કૅટેગરીમાં શરદ વ્યાસ તૃતિય સ્થાને વિજેતા બન્યા હતા. આ ઉપરાંત શરદ વ્યાસે ૧૫૦૦ મીટર અને ૫૦૦૦ મીટરની ઓપન કૅટેગરીની સ્પર્ધા નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી હતી.

આ ઉપરાંત ૧૫૦૦ મીટરમાં ઋચિર ગાંધી, ૫૦૦ તથા ૧૫૦૦ મીટરમાં સુમિત ચૌધરી અને ૫૦૦ મીટર ઓપન કૅટેગરીમાં પ્રણવ પટેલે પ્રથમ વખત ભાગ લીધો હતો અને વિજેતા ખેલાડીઓના સમયથી ઘણા નજીક રહી નિર્ધારિત સમય પહેલાં સ્પર્ધા પૂર્ણ કરી હતી.

ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી સઘળા સ્વિમર્સ અને કોચ પ્રતિ અભિનંદનની લાગણી પ્રવાહિત કરવામાં આવી છે.

## ડાયરેક્ટ ❤ સે

સાચું
સમજાતું તો બધાને હોય છે
પણ અફસોસ
સાચા સમયે નથી સમજાતું

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઓકે જાનુ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૨.૧૦, ૬.૨૦,
૧૦.૩૦
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૧૨.૦૦, ૪.૧૫,
૮.૨૫
**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
૭.૪૫
ગ્રાન્ડ હળી (ગુજરાતી)
૧૨.૧૫
હમીર (ગુજરાતી)
૫.૦૦
હરામખોર
૩.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૫**
ઓકે જાનુ
સવારે ૧૦.૦૦
હરામખોર
૧૨.૩૦
દંગલ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

# જે. એમ. ચૌધરી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ યોજાયો





તાજેતરમાં ગાંધીનગર સ્થિત સેક્ટર-૭ ખાતે જે એમ ચૌધરી ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની અંદર વિવિધ રમતો દ્વારા જેવી કે-રીલે રેસ, કબ્બડી, રસ્સા ખેંચ, કાંગારૂ રેસ, કીતાબી કીડા, સંગીત ખુરશી, સ્નેક રેસ, સ્કેટીંગ બોલ, જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમોતોની અંદર ૫૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ડી. જી. ચૌધરી ડાયરેકટર ઓફ ફીજીકલ એજ્યુકેશન, એમ.જી.સાયન્સ કોલેજ, ગાંધીનગર તથા સંસ્થાના પ્રમુખ શ્રી હરીભાઈ ચૌધરી, ઈંગ્લીશ મિડીયમ સ્કુલના કન્વીનર-પ્રો. એમ. કે.ચૌધરી મંચ ઉપર ઉપસ્થિત રહ્યાં હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા બાળકોને મેડલ અને સર્ટીફીકેટ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના આચાર્ય શ્રીમતી ભાવનાબેન સેંગલ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા વ્યાયામ શિક્ષિકા શ્રીમતી ઉષાબેન ચૌધરી તથા શાળાના સમગ્ર શૈક્ષણિક સ્ટાફે પ્રસંશનીય કામગીરી કરી હતી.

# સ્વ. માણેકલાલ પટેલની સ્મૃતિમાં વિદ્યાર્થિનીઓને ફિરકીનું વિતરણ



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં સંસ્થાના પૂર્વ ચૅરમૅન માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે ધોરણ-૧, ૨માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને ફિરકીનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓ વચ્ચે શાળાના પટાંગણમાં પતંગ હરિફાઈ યોજવામાં આવી હતી. દરેક પતંગ ઉપર સંસ્થાના આદ્ય સ્થાપક પૂ. છગનભા તથા સ્વ. માણેકલાલ પટેલના શિક્ષણ જગતને શુભેચ્છા આપતાં સૂત્રો તથા સંસ્થા દ્વારા સંચાલિત તમામ શાળા, મહાશાળાનાં નામ લખવામાં આવ્યાં હતાં. હરિફાઈનો પ્રારંભ સિનિયર મદદનીશ શિક્ષક કુસુમબેન પટેલના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન આચાર્ય નીરૂબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# અસ્મિતા અભિવાદન સમિતિ દ્વારા હસમુખ મૅકવાનનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૧૮

અસ્મિતા અભિવાદન સમિતિ, નડિયાદ દ્વારા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મશીલોને બિરદાવવા માટે એક સમારોહનું આયોજન જલાશ્રય રિસોર્ટ, નડિયાદ ખાતે કરવામાં આવ્યું હતું.

સમારોહ અંતર્ગત ૫૦ જેટલા કર્મશીલોને તેમના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા જે પૈકી ગાંધીનગરનું ગૌરવ એવા કલાકાર હસમુખ મૅકવાનને નાટ્યકલા, ટીવી, રેડિયો અને ફિલ્મ ક્ષેત્રે વિશેષ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, ખેડા-નડિયાદના સાંસદ દેવુસિંહજી ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિવિધ ડેની ઉજવણી સંપન્ન



ગાંધીનગર, તા. ૧૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થીનીઓએ વિવિધતાસભર સાંસ્કૃતિક પરિવેશ અને સંવેદનાસભર વિવિધ ડેની ઉજવણી હાથ ધરી હતી.

નેશન ડે, આર્મી ડે, મિસ મૅચ ડે, બૅક ટુ સ્કૂલ ડે, સફાઈ ડે, ડોનેશન ડે, સિગ્નેચર ડે, ગ્રીન ડે, સાડી ડે જેવા ડે વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ઉજવી દેશના સૈનિકો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ અને પર્યાવરણ પ્રતિ પણ પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. મોટી સંખ્યામાં ભાગીદારીએ આ ઉજવણીનો સુંદરતા અને સફળતા બક્ષી હતી. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને આ ઉજવણી માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર ઉજવણીના આયોજનમાં અધ્યાપક ડૉ. લિના સ્વાદિયાને અધ્યાપકોનો સક્રિય સહકાર પ્રાપ્ત થયો હતો.